3 યુએસ ટેરિફની અસર : ઓગસ્ટના અંતમાં ભારતીય નિકાસ પર ભારે યુએસ ટેરિફ લાદવામાં આવ્યા પછી રૂપિયો સતત દબાણ હેઠળ છે. આનાથી ભારતના વેપાર સંતુલન પર અસર પડી છે અને વિદેશી ચલણની માંગમાં વધારો થયો છે.

4 વિદેશી રોકાણકારોનો આઉટફ્લો : વિદેશી રોકાણકારોએ આ વર્ષે અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાંથી આશરે $૧૬.૫ બિલિયન પાછા ખેંચી લીધા છે, જેના કારણે ડોલરની માંગમાં વધારો થયો અને રૂપિયો નબળો પડ્યો.

» આના કારણે દેશમાં ફુગાવો વધી શકે છે, અને સામાન્ય માણસ માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ મોંઘી બની શકે છે. દેશમાં હાલમાં ફુગાવો અંકુશમાં છે, પણ તે હવે વધી શકે છે.

**નકારાત્મક અસરો**

» આયાત મોંઘી થાય : ભારત જે વસ્તુઓ વિદેશમાંથી ખરીદે છે, જેમ કે પેટ્રોલિયમ ઉત્પાદનો (ક્રૂડ ઓઇલ), ઇલેક્ટ્રોનિક્સ, સોનું, અને કાચો માલ, તે ખરીદવા માટે વધુ રૂપિયા ચૂકવવા પડે છે.

» વિદેશી દેવું વધે : ભારતીય કંપનીઓ અને સરકારે વિદેશી ચલણમાં જે લોન લીધી હોય, તેના હપ્તા અને વ્યાજ ચૂકવવા માટે વધુ રૂપિયાની જરૂર પડે છે, જેથી દેવાનો બોજ વધે.

» વિદેશ અભ્યાસ/પ્રવાસ મોંઘો થાય. વિદેશમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી અને રહેવાનો ખર્ચ વધી જાય છે. આ ઉપરાંત અમેરિકામાં પણ મોંઘવારી વધી હોવાથી અસર થશે.

» વિદેશ પ્રવાસ કરનારા લોકો માટે ટિકિટ, હોટેલ અને અન્ય ખર્ચ વધી જાય છે.

### પીએમ મોદી જોહાનિસબર્ગ પહોંચ્યા, મહિલાઓએ સાષ્ટાંગ પ્રણામથી સ્વાગત કર્યું

ભારત INDIA

જોહાનિસબર્ગ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દક્ષિણ આફ્રિકાની અધ્યક્ષતામાં યોજાઇ રહેલી G૨૦ લીડર્સ સમિટમાં ભાગ લેવા શુક્રવારે જોહાનિસબર્ગ પહોંચ્યા હતા. ત્યાંના વોટરક્લુફ એર ફોર્સ બેઝ ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. પીએમ મોદીના સ્વાગતમાં મહિલા કલાકારો પરંપરાગત નૃત્ય કરી રહી હતી. સ્વાગત નૃત્ય બાદ તેમણે મોદીનો વિશેષ આભાર માનતાં તેમને સાષ્ટાંગ પ્રણામ કરીને સન્માન આપ્યું હતું. દક્ષિણ આફ્રિકામાં અગાઉ ક્યારેય કોઇ ભારતીય વડાપ્રધાનનું આવું સ્વાગત નથી થયું. પીએમ મોદીએ પણ ઝૂકીને બે હાથ જોડીને અભિવાદન સ્વીકાર્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી આ તસવીર ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠા દર્શાવે છે.

### દિલ્હીમાં AQI ૬૦૦ને પાર

રજા એપ્લાય કર્યા પછી ઓફિસના વોટ્સએપ મેસેજ નજરઅંદાજ કરો : યુઝરની સલાહ

### સર્જરી પછી રજાના બદલે મેનેજરે બેડ રેસ્ટમાં ઓફિસ કામ કરવા કહ્યું, સો.મીડિયા પર ચર્ચા

સ્ટાલિને કેન્દ્ર સરકાર પર તામિલ ભાષાની ઉપેક્ષા કરવાનો આરોપ લગાવ્યો

### ઉદયનિધિ સ્ટાલિને સંસ્કૃત ભાષાને મૃત ગણાવીને વિવાદને જન્મ આપ્યો

### રિપોર્ટમાં અનુમાન કરાયું છે કે ૨૦૫૦ સુધીમાં દુનિયાના ૮૩ ટકા લોકો શહેરોમાં પહોંચી જશે

# દુનિયાની ૮૧ ટકા વસ્તી હવે શહેરોમાં વસે છે, ગામડાં વિકાસની દોડમાં શહેર બન્યાં : UN રિપોર્ટમાં દાવો

## રિપોર્ટ અનુસાર, ભારત જેવા દેશોમાં મુખ્યત્વે શિક્ષણ અને રોજગાર માટે લોકો શહેરો તરફ જાય છે

। નવી દિલ્હી ।

દુનિયાની કુલ વસ્તીના ૮૦ ટકા લોકો હવે શહેરોમાં જ વસે છે. ગામડાની યાદ સૌને આવે છે અને લોકો જૂનું જીવન જીવવા ઈચ્છે, પરંતુ શહેરીકરણના આકર્ષણના આંકડા ચોંકાવનારા છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ અનુસાર આખી દુનિયાની ૮૦ ટકા વસ્તી હવે શહેરી ક્ષેત્રોમાં વસવાટ કરે છે. એવું એટલા માટે, કેમ કે, મોટા પાયે પલાયનના કારણે લોકો શહેરોમાં પહોંચી ગયા છે. આ ઉપરાંત ઘણાં બધાં ગામ એવાં પણ છે જે હવે વિકાસની દોડમાં આગળ વધીને શહેરમાં ફેરવાઈ ગયાં છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫ અનુસાર દુનિયાના ૮૧ ટકા લોકો હવે શહેરોમાં છે. રસપ્રદ વાત એ છે કે ૨૦૧૮માં આ આંકડો માત્ર ૫૫ ટકા હતો. રિપોર્ટ અનુસાર, ૪૫ ટકા લોકો શહેરોમાં વસે છે, જ્યારે ૩૬ ટકા લોકો ટાઉનમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વમાં તૈયાર કરાયો છે. એટલું જ નહીં, અનુમાન છે કે, ૨૦૫૦ સુધીમાં દુનિયાના ૮૩ ટકા લોકો શહેરોમાં પહોંચી જશે.

આ રિપોર્ટ તૈયાર કરવામાં અલગ અલગ દેશોના પેરામીટરનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. જેમ કે, જાપાનમાં જો ૫૦ હજારની વસ્તી હોય તો તેને શહેરનો દરજ્જો અપાય છે, પરંતુ ડેનમાર્કમાં આ આંકડો માત્ર ૨૦૦ લોકોનો જ છે.

### રિપોર્ટ માટે માપદંડ નક્કી કરાયા

આ રિપોર્ટ માટે એવો માપદંડ તૈયાર કરાયો કે ૫૦ હજાર લોકોની વસ્તી હોય અને ઓછામાં ઓછા પ્રતિ વર્ગકિમીના ક્ષેત્રફળમાં ૧,૫૦૦ લોકો વસવાટ કરતા હોય. આ ઉપરાંત નગરો માટે આ આંકડો ૫,૦૦૦ રખાયો છે અને પ્રતિ વર્ગકિમી ૩૦૦ લોકોની વસ્તીનો માપદંડ રાખવામાં આવ્યો. આ રીતે દુનિયાની કુલ ૧૯ ટકા વસ્તી જ હવે વાસ્તવિક રીતે ગામડાંમાં રહે છે. રિપોર્ટ અનુસાર દુનિયાના બધા ભાગમાં શહેરીકરણ વધી રહ્યું છે. ભારત જેવા દક્ષિણ એશિયન દેશો બાબતે રિપોર્ટમાં કહેવાયું છે કે, અહીં મુખ્યત્વે શિક્ષણ અને રોજગાર માટે લોકો શહેરો તરફ જાય છે.

### શહેરીકરણથી ઊભી થતી મુશ્કેલીઓ

રિપોર્ટ એમ પણ કહે છે કે પ્લાનિંગ વગર શહેરીકરણમાં વધારો થવાથી કેટલીક મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. જેમ કે, શહેરનો વિસ્તાર થઈ જાય અને તે અનુસારની સાર્વજનિક પરિવહનની વ્યવસ્થા ન હોય તો રહેવાનું મુશ્કેલ થઈ જાય છે. આ ઉપરાંત પ્રદૂષણમાં પણ વધારો થઈ રહ્યો છે, કેમ કે, વ્યક્તિગત વાહનોની સંખ્યા ઘણી વધી જાય છે.

# ૧૦ ડિસેમ્બરથી ઓસ્ટ્રે.માં બાળકો FB, ઈન્સ્ટા.નો ઉપયોગ નહીં કરી શકે

## ઓસ્ટ્રેલિયન સરકારનો મોટો નિર્ણય : ૧૬ વર્ષથી નીચેનું બાળક એકાઉન્ટ બનાવી નહીં શકે અને આ અગાઉ ખોલાવેલું એકાઉન્ટ ચાલુ પણ રાખી નહીં શકે

। સિડની ।

ઓસ્ટ્રેલિયન સરકારે બાળકોની ઓનલાઈન સુરક્ષાને મજબૂત કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. ઓસ્ટ્રેલિયામાં હવે ૧૬ વર્ષ કરતાં ઓછી વયના કોઈપણ બાળકને સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની મંજુરી નહીં મળે. વડાપ્રધાન એન્થની એલ્બનિઝે તેની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને સમગ્રતયા વિકાસની રક્ષા માટે આ પગલું ખૂબ જ આવશ્યક છે. નવો નિયમ આગામી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫થી લાગુ થઈ જશે. તે પછી ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટિકટોક, સ્નેપચેટ, એક્સ, યૂટ્યૂબ, રેડિટ અને કિક જેવા મુખ્ય પ્લેટફોર્મ પર ૧૬ વર્ષથી નીચેનું કોઈ બાળક એકાઉન્ટ બનાવી નહીં શકે અને આ અગાઉ ખોલાવેલું એકાઉન્ટ ચાલુ પણ રાખી નહીં શકે. ડિજિટલ દુનિયા બાળકોના ભવિષ્યને ખતરામાં ના નાખી શકે.

...અનુસંધાન પેજ નં.૧૧




### બાળકની વયની ખાતરી કેવી રીતે કરવામાં આવશે?

ઓસ્ટ્રેલિયાના સંચાર મંત્રીએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા કંપનીઓએ આ કાયદાના પાલનને સુનિશ્ચિત કરવા માટે લેટેસ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો પડશે.

**વયની ખાતરી :** ઉપયોગકર્તાએ સરકારી આઈડી અથવા અન્ય સત્તાવાર દસ્તાવેજ જમા કરવા પડશે, જો કે પ્લેટફોર્મકર્તા આ સ્ત્રોત પર નિર્ભર નહીં રહે.

**વયનું અનુમાન :** ચહેરાની ઓળખ અને અવાજના વિશ્લેષણના આધારે વ્યક્તિની વયનું અનુમાન લગાવવામાં આવશે.

**વ્યવહાર આધારિત અનુમાન :** ઉપયોગકર્તા દ્વારા શબ્દોની પસંદગી, બ્રાઉઝિંગ પેટર્ન્સ અથવા નેટવર્ક કનેક્શનનું વિશ્લેષણ કરીને તેની વયનું આકલન કરવામાં આવી શકે છે. ઓસ્ટ્રેલિયાના પ્રધાન અનિકા વેલ્સે સ્પષ્ટ કર્યું હતું કે આ તમામ ઉપાયો ૧૦૦ ટકા ચોક્કસ ના હોઈ શકે પણ જો પ્રયાસ જ ના કરવામાં આવે તો તે અપરાધ ગણાશે.

ટ્રમ્પે ટેરિફ વિરોધીઓને 'મૂર્ખ' કહ્યા

બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં ડૉક્ટરોએ

થઈ હતી. તેમને એક નહીં, અનેક વખત જેલમાં જવું પડેલું. કુલ મળીને, તેઓ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ૪૨ વખત જેલમાં ગયાં હતાં. ૧૯૪૨ના 'હિંદ છોડો આંદોલન' દરમિયાન કસ્તુરબા ગાંધી સાથે તેમની પણ ધરપકડ થઈ હતી.

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રામાણિકતા અને ...વસવાટને કારણે અભ્યાસ દરમિયાન મણિબેનને અનેક વખત સ્થળાંતર કરવું પડેલું. પિતા રાષ્ટ્રીય લડતના રંગે રંગાતા મણિબેન પણ આ લડતમાં સક્રિય બનેલાં. પ્રારંભે ખાદીવેચાણ, શેરીસભાઓ અને અન્ય સત્યાગ્રહીઓ સાથેની સક્રિય જીવનચર્યામાં જોડાવા સાથે તેઓ અસહકારની લડત અંગેની સમજ પણ કેળવતાં રહ્યાં હતાં. સાબરમતી ખાતેના સત્યાગ્રહ આશ્રમમાં વસવાટ દરમિયાન સૂતર કાંતવા

તઓએ 'મણિબહેનને પત્રો' તથા 'સરદાર વલ્લભભાઈ પટેલને પત્રો' જેવા ગ્રંથોનું સંપાદન કર્યું હતું. હિન્દી અને અંગ્રેજીમાં પણ તેમણે ગ્રંથલેખન કરેલું. 'સરદાર્સ કૉરસપૉન્ડન્સ' નામના દસ ગ્રંથોનું સંપાદન તેમની ઉલ્લેખનીય કામગીરી ગણાય છે. મણિબેને એક ડાયરી લખી હતી, જેમાં તેમણે ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના ગાળાની ઘણી વાતો લખી છે. આ ડાયરીમાં તેમણે સરદાર પટેલના ઘણા નિર્ણયો,

...ના નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન રહી ચૂકેલા હિંદના સરદારની દીકરીની આવી દશા જોઈને રિક્ષાવાળો ચોંકી ઊઠે છે.

કાયમ લાલ બસમાં મુસાફરી કરનાર મણિબેનનું અવસાન ૨૬ માર્ચ ૧૯૯૦માં થયું હતું.

::: થી ડૉટ્સ :::

કોતરકામ કરીશું તો મૂર્તિ બનશે, ખોદકામથી માત્ર ખાડા જ થાય..!!

balvichar2011@gmail.com

**ચિંતન : 'તમે વૃદ્ધ થાઓ અને પૂજ્ય બનો એ સાથે તમારે સમજુ પણ બનવું જોઈએ'**

# જેનામાં નવું શીખવાની ધગશ જતી રહી હોય, એ માણસ ઘરડો



**શબ્દસર**

**કિશોરસિંહ સોલંકી**

'ચાલીસ વર્ષના વૃદ્ધ હોવા કરતાં સિત્તેર વર્ષના યુવાન હોવું એ ઘણીવાર વધારે આનંદ જનક અને આશાસ્પદ હોય છે'

ન તેન સ્થવીરો ભવતી યેનાસ્ય પલિતં શિર
બાલોપિ યઃ પ્રજાનાતિ તં દેવાઃ સ્થવિરં વિદુ

'મહાભારત'માં કહેવામાં આવ્યું છે કે, 'માથાના વાળ સફેદ થવાથી કોઈ વૃદ્ધ થતું નથી. બાળક પણ જો કોઈ જ્ઞાનસભર હોય તો તેને પણ વૃદ્ધ માનવામાં આવે છે.' ઘડપણ અને ઉંમરને કશું લાગતું વળગતું નથી. ઉંમર એ આંકડાઓનો સંખ્યાનો સરવાળો છે. જે કુદરતી રીતે જીવે છે, જેમ વૃક્ષો પ્રકૃતિના સ્વભાવ સાથે મેળ કરે છે, તેથી એમને ઘડપણ નથી આવતું, તેમ, જે માણસ સકારાત્મક ભાવો અને વિચારો સાથે જીવે છે તે મનથી ક્યારેય વૃદ્ધ થતો નથી. એ તો સદાય યુવાનીનો અનુભવ કરતો હોય છે. ઘડપણનો સંબંધ માણસના મન સાથે જોડાયેલો છે જો તમે મનથી ઘરડા થઈ ગયા તો તમને બચાવનાર કોઈ નથી. જ્યારે માણસ પોતાની પ્રગતિના વિચારોના દરવાજા બંધ કરી દે છે, ત્યારથી એનું ઘડપણ શરૂ થઈ જાય છે. કોઈએ કહ્યું છે કે, માણસ જ્યારે બાળસહજ કૌતૂક અને આશ્ચર્ય કરવાનું છોડી દે છે ત્યારથી ઘડપણની ઘડીઓ આવી જતી હોય છે. જેની પાસે નવીન વિચારો નથી, જેની પાસે ઉત્તમ સ્મૃતિઓ નથી હોતી તે ઘરડો થવાથી ગભરાય છે. જે એમ માને છેકે, શરીર શરીરનું કામ કરે છે, મારે મારું કામ કરવાનું છે. જે માણસ સંયમથી જીવે છે, કોઈપણ પ્રકારના હાયવલૂરા કરતો નથી, જેને પોતાની અંદર આનંદનું ઝરણું વહ્યા કરે છે, એને ઘડપણ શું કરી શકવાનું છે? પણ જે માણસ પોતાની આખી જિંદગી ખોટાં-ખરાબ કામો કરતો રહે છે અને પછી કહેતો હોય છેકે, ઘડપણમાં દાન-દક્ષિણા અને ધર્મનાં કામો કરીશ, એવા વિચારો કેટલા ખતરનાક છે!

વિનોબા ભાવેએ કહ્યું છે:'જેનામાં નવું શીખવાની ધગશ જતી રહી હોય, એ માણસ ઘરડો.'

'આજ સુધી આવું કામ કદી કર્યું નથી એટલે હવે કેમ કરી શકશે?' આનું નામ ઘરડો તર્ક. આવા ઘરડાઓને એ કેમ સમજાતું નથી કે આજ સુધી નથી થયું એવું ઘણું ભવિષ્યમાં થવાનું છે.એક વખત સ્ટીમરમાં એક એંસીથી વધારે ઉંમરનો માણસ જવાની ભાષા શીખતો હતો ત્યારે તેની સાથે પ્રવાસ કરતા એક માણસે એને પૂછ્યું: 'આટલી ઉંમરે બીજી ભાષા શીખીને શું કરશો? હવે તમે તો ઘરડા થઈ ગયા છો!' તે સામેથી જવાબ મળ્યો! માણસને કંઈક નવું શીખવા માટે ઘડપણ હોતું નથી. તેથી તો વૃંદાવનલાલ વર્માએ કહ્યું છે: 'કામ કરનાર મરણના થોડા કલાકો પહેલાં જ ઘરડો થાય છે.' માણસને એનું કાર્ય જ એને લાંબો સમય જીવાડે છે. જ્યારે તમે સતત તમારા શરીરનો વિચાર કરો છો, તો એ પ્રમાણે જ શરીર કામ કરતું થઈ જાય છે. પણ તમને ઘડપણનો વિચાર જ ન આવે એવા કામમાં ગળાડૂબ હોય તો શું થાય?

આ બધી જ બાબતો હોવા છતાં ઘડપણ તો ઘડપણનું કામ કરતું જ હોય છે. 'અશ્વઘોષ'માં કહ્યું છે: 'ઘડપણ સ્મરણ શક્તિનો નાશ કરનાર, રૂપનો પરાભવ કરનાર, આનંદનું વિનાશક, વાણી,કાન, આંખોને નબળો પાડનાર, થાકને ઉત્પન્ન કરનાર તથા બળ અને વીર્યની હત્યા કરનાર છે. શરીરધારીઓ માટે ઘડપણ જેવો કોઈ શત્રુ નથી.' એ જ રીતે ભર્તૃહરિએ 'વૈરાગ્યશતક'માં કહ્યું છે: 'શરીર પર કરચલીઓ પડી ગઈ છે. ચાલવાનું બંધ થઈ ગયું છે, દાંત તૂટી ગયા છે, દૃષ્ટિ નબળી પડી ગઈ છે, બહેરાશ વધી ગઈ છે, અને મોંઢામાંથી લાળ ટપકે છે, ભાઈઓ પોતાની વાતનો આદર કરતા નથી, પત્ની સેવા કરતી નથી, અરે! પુરુષના ઘડપણનું કેવું કષ્ટ છે કે પુત્ર પણ શત્રુ જેવો વ્યવહાર કરે છે.' ઘડપણ એ માણસની તૃષ્ણાનું અંતિમ ચરણ છે. માણસની બધી જ ઈચ્છાઓ એક જ કેન્દ્રબિંદુ પર આવીને ઊભી રહે છે. 'હે ભગવાન, હવે તો મોત આપ.' આપણા કવિએ તો ગાયું છે કે,

'ઊંબરા તો ડુંગરા થયા, પાદર થયાં રે પરદેશ.' ઘડપણ કોણ મોકલ્યું? આવી સ્થિતિ હોવા છતાં કેટલાંક મૂર્ખ વૃદ્ધો પોતાના સંતાનોની ચિંતા કરતાં હોય છે. 'હવે એમનું શું થશે?' એમનું જે થવાનું હશે તે થશે. પોતાની સ્થિતિ અતિ ખરાબ હોવા છતાં કેટલાક વૃદ્ધોને મોહમાયા છૂટતી નથી. ગ્રીક કવિ સોફોકિલસે કહ્યું છે: 'ઘડપણની સૌથી મોટી મૂર્ખાઈ છે જીવન પ્રત્યેના મોહની વૃદ્ધિ.' માણસની જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ તે વધારે ને વધારે ભૂતકાળ તરફ પાછો ફરે છે. એનો ભવિષ્ય અસ્પષ્ટ બની જતો હોય છે. માણસનું ઘડપણ એને બાળક બનાવી દેતું હોય છે. શેક્સપિયરે પણ કહ્યું છે: 'ઘરડો માણસ બે ઘણો બાળક હોય છે.' ખરેખર તો એમર્સને કહ્યું છે: 'ઉંમરનો સાર પ્રજ્ઞા છે' તો મિશેલા મોન્તેને કહ્યું છે: 'ઘડપણ માણસના ચહેરા કરતાં મગજમાં વધારે કરચલીઓ પાડી દે છે.' બીજી તકલીફ એ છે કે દરેક જણ ઘરડા માણસ સામેથી મોંઢું ફેરવી લે છે. શેક્સપિયરે કહ્યું છે: 'ડૂબતા સૂરજ સામે લોકો પોતાનાં બારણાં બંધ કરી દે છે. તે ખરેખર તો સમજપૂર્વક ઘડપણને સ્વીકારીને એના પ્રમાણે વર્તતાં શીખવું પડે. શેક્સપિયરે જ કહ્યું છે: 'તમે વૃદ્ધ થાઓ અને પૂજ્ય બનો એ સાથે તમારે સમજુ પણ બનવું જોઈએ.' ઘડપણમાં તમને કોઈ સાંભળનારું હોતું નથી તેથી વધારે અકળામણ થાય છે. જોનાથન સ્વીફ્ટે કહ્યું છે: 'આ કેવી વિચિત્રતા છે! માણસ લાંબુ જીવવાની ઈચ્છા ધરાવે છે પણ એને વૃદ્ધ થવું ગમતું નથી.' ઓ.ડબલ્યૂ હોલ્મ્સે કહ્યું છે: 'ચાલીસ વર્ષના વૃદ્ધ હોવા કરતાં સિત્તેર વર્ષના યુવાન હોવું એ ઘણીવાર વધારે આનંદ જનક અને આશાસ્પદ હોય છે.'

02

SANDESH

સિટી

AHMEDABAD

# આ વર્ષે ફ્લાવરશોમાં બુલેટ ટ્રેન સૌથી મોટું આકર્ષણ જમાવશે



છેલ્લા જેટલા વર્ષથી અમદાવાદના રિવર ફ્રન્ટ પર ફ્લાવર શો યોજાઈ રહ્યો છે તેમાં દરેક વર્ષે નીતનવી થીમના કારણે આ શોએ સાતત્યપૂર્ણ આકર્ષણ જાળવી રાખ્યું છે. દર વર્ષે તેની મુલાકાત લેનારાની સંખ્યા સતત વધતી જ જાય છે. આ વર્ષે પણ જે પ્રકારે તૈયારીઓ થઈ રહી છે તે જોતાં આ વર્ષનો થીમ બુલેટ ટ્રેન અને શહેરમાં યોજાનારા કોમનવેલ્થ અને ઓલિમ્પિક પર રહેશે અને તેના આકર્ષણ વધશે.

હોર્ડિંગ્સ, બેનરો દૂર કરવાની ઝુંબેશ પડતી મૂકવા બદલ ઉધડો લેવાયો

## દબાણો હટાવતા પહેલાં ચેતવણી આપો

ભાજપ ગુજરાત પ્રદેશ પદાધિકારીઓ નિયુક્તિ

## ૧૦ જિલ્લાના ઉપપ્રમુખ, મંત્રી, ચાર




'બુલેટ'ની જેમ વાગે તેવું વેધક સત્ય

## ભારતમાં જાપાનની બુલેટ ટ્રેનને બદલે જાપાનની શિક્ષણ પ્રણાલી લાવો, જેથી આપણા યુવાનો બુલેટ ટ્રેન બનાવી શકે

બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાનના શાસકોએ ખુવાર થઈ ગયેલા દેશને ફરીથી નંબર વન બનાવી દીધો, આપણા શાસકો તેમાંથી ક્યારે શીખશે?



## અમારો જ ધર્મ સર્વશ્રેષ્ઠ છે એવો માણસોને ભ્રમ છે!



## ખુબ જ સરસ

જયારે રાવણ માં સીતાનું હરણ કરી લઈ ગયો, ત્યારે મંદોદરીએ રાવણને પ્રશ્ન કર્યો કે, તમે સીતાને રામનો વેશ ધારણ કરીને પણ લાવી શકતા હતા તો પછી સાધુનો વેશ શા માટે લીધો?
રાવણે જવાબ આપ્યોઃ પ્રિયે, જયારે મેં રામનાં વેશ વિશે વિચાર કર્યો ત્યારે દરેક સ્ત્રી મને માં રૂપમાં દેખાવા લાગી. એટલા માટે મેં એ રૂપનો ત્યાગ કરી દીધો. પણ સાધુના વેશમાં સમાજને એ બતાવવા માંગતો હતો કે જે રૂપમાં આપનો સર્વાધિક વિશ્વાસ છે એ આવો પણ હોઈ શકે. ભગવાન પર ભરોસો કરો બાબાઓ પર નહિ.

PNSUMBAD



## ચીજ-વસ્તુઓના અતિરેકના આ જમાનામાં હેનરી ડેવિડ થોરોને ખાસ વાંચવા જોઈએ

ઈમર્સનની લાઈબ્રેરીમાં બે વર્ષ સુધી થોરોએ વાંચન કર્યું ને તેમનું જીવન બદલાઈ ગયું

સવિનય કાનૂનભંગ થોરોના મગજની ઊપજ હતી, જેનું ગાંધીજીએ અમલીકરણ કર્યું

હું રોજ સવારે મારી બુદ્ધિ પર ભગવદ્ ગીતાના બ્રહ્માંડીય તત્ત્વ દર્શનનો અભિષેક કરું છું, એવું તેમણે કહેલું



SUNDAY 8-04-2018

# સંદેશ

## બે દિવસમાં જ સલમાન જેલમુક્ત, કોર્ટે સજા સસ્પેન્ડ કરી

કાળિયાર શિકાર કેસ : ૨૦ વર્ષ બાદ કેસનો ચુકાદો આવ્યા પછી બે દિવસમાં જ જામીન પર છુટકારો, અમે સલમાનના જામીનના વિરોધમાં હાઈકોર્ટમાં અપીલ કરીશું : બિશ્નોઈ સમુદાય



## સરકારી પ્રા. શાળાનાં વિદ્યાર્થીઓને IAS, JEE, NEET માટે તૈયાર કરાશે

નવી દિશા — અરવલ્લી જિલ્લામાં ધો.૬ના તેજસ્વી બાળકો માટે સુપર થર્ટી બેચની શરૂઆત : તાલુકાદીઠ 30 છાત્રો પસંદ કરાશે

સુપર થર્ટી બેચની શરૂઆત ક્યાંથી થઇ હતી?



તારીખ : ૩૦-૦૪-૨૦૨૨ — એમ.એસ પટેલ એન્ડ એસોસીયેટ્સ એડવોકેટ એન્ડ નોટરી

## શિક્ષકની નોકરી માટે માર્ગદર્શક કેમ્પ

ધોરણ ૧ થી ૧૨ (સામાન્ય પ્રવાહ માટે અરવલ્લી જિલ્લાની ખાનગી શાળામાં નોકરી કરવા ઈચ્છતા તમામ જાતિના ભાઈ-બહેનો માટેનું ઓપન ઈન્ટરવ્યૂ તાલીમ તથા યોગ્ય સલાહ સૂચન લેવા અને આપવાના ઉદ્દેશથી આ પ્રથમ કેમ્પનું આયોજન કરવામાં આવેલું હોઈ નોકરી કરવા ઈચ્છતા તેમજ અનુભવ આપવા ઈચ્છતા ઉમેદવારોએ સ્વ ખર્ચે તા. ૦૧/૦૫/૨૦૨૨ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક અરવલ્લી સેવા સદનની સામે, તત્વ કોમ્પ્લેક્ષ (સાવરીયા ફુડ પ્લાઝાની બાજુમાં) મોડાસા સ્થળે પોતાના ઝેરોક્ષ પ્રમાણપત્ર લઈ હાજર રહેવું.

નોંધ : બેરોજગારી માટે માત્ર સરકાર જ જવાબદાર નથી તે માટે આપણે સૌ એ પ્રયાસ કરવા જરૂરી.

એજ્યુકેશન એડવાઈઝર
કૌશિકભાઈ એસ. પી. (મો. ૯૪૨૭૮ ૧૩૭૧૩)

### જાહેર નોટિસ


MONDAY
10-06-2019
સોમવાર

સંદેશ

AHMEDABAD

રાજ્યમાં ભાજપ અને તૃણમૂલના કાર્યકરો એકબીજાના લોહીના તરસ્યા બન્યા, ગનપાવરનો બેફામ ઉપયોગ

# પ.બંગાળમાં ભાજપના ૫ અને તૃણમૂલના ૩ કાર્યકરની હત્યા

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે સર્જાયેલી હિંસાના મુદ્દે રાજ્ય સરકાર પાસેથી રીપોર્ટ માંગ્યો

ભાજપ રાજ્યમાં વાતાવરણ ડહોળીને શાંતિભંગ કરવા માગે છે : તૃણમૂલ । હિંસા માટે મમતા બેનરજી જવાબદાર છે : ભાજપ




જયપુરમાં ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓની બેઠકમાં PMનું સંબોધન

# પરિવારવાદ અને વંશવાદ લોકશાહી માટે સૌથી વધુ નુકસાનકારક:મોદી

ભાસ્કર ન્યૂઝ | જયપુર


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરિવારવાદ અને વંશવાદ પર નિશાન સાધતા કહ્યું હતું કે આ બંનેથી દેશની લોકશાહીને નુકસાન પહોંચ્યું છે. તેનાથી ભ્રષ્ટાચાર વધ્યો છે. જયપુરમાં આયોજીત ભાજપની રાષ્ટ્રીય પદાધિકારીઓની બેઠકને પીએમ મોદીએ સંબોધિત કરી હતી. પીએમ મોદીએ પરિવારવાદી


...અનુસંધાન પાના નં. ૯


## પક્ષના સભ્યોએ વિકાસના લક્ષ્યને સિદ્ધ કરવાનું છે


પીએમ મોદીએ પાર્ટીના નેતાઓને વિકાસના મુદ્દે અડગ રહીને તેના પર જ કામ કરવાનું આહવાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, કોઈપણ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે તો પણ તેની જાળમાં ફસાવવાથી દૂર રહેવાનું છે. વિકાસથી જોડાયેલા મુદ્દાઓથી ધ્યાન અન્ય તરફ દોરવા માટે પ્રયાસો કરાશે પરંતુ આપણે દરેકે વિકાસના લક્ષ્યને સિદ્ધ કરવાનું છે. આ દરમિયાન ભાજપના અધ્યક્ષ જે પી નડ્ડાએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, રાજસ્થાનમાં પાર્ટી મજબૂત વિપક્ષની ભૂમિકા અદા કરશે તેમજ આગામી વિધાનસભા ચૂંટણીમાં ત્યાં કમળ ખીલશે.

2022/5/21 10:17








कुदरत ने सभी को हीरा बनाया है जितना घिसेगा उतना ही चमकेगा । Narendra Modi best mo...




ताइवान, वियतनाम, अमरीका, जापान, फ्रांस, जर्मनी और अब ब्रिटेन, सभी खड़े हुए भारत के साथ





अशांति न फैलाये चीन, अशांति से उसी की तबाही होगी, हम भारत के साथ : थेरेसा मे

તમારે કોણે મત આપવો નક્કી કરી લેજો




આ દાદી
માત્ર 1 રૂપિયાનો
ઢોસો વેચે છે, કેમ
ભાવ વધારતાં નથી?
BBC NEWS | ગુજરાતી
4:36
Dosa: 1 રૂપિયામાં ઢોસો વેચનારા દાદી, કેમ ભાવ નથી વધારવા માગતા?
10:17
100 year Old Nandu ki Kachori, Dum Aloo aur Pakori for ONLY Rs 1/- || सब कुछ 30 m...
बांग्लादेश कैसे बना स्टार्टअप किंग
BANGLADESH STARTUPS
PART-2
7:23
Bangladesh Startup Ecosystem , how big is ? | Bangladesh startups are future of A...
दुनिया की सबसे महंगी पार्टी
महंगी पड़ी चीन से दोस्ती
श्रीलंका हुआ दिवालिया
8:08
क्या दिवालिया हो गया श्रीलंका? | Sri Lanka may go bankrupt in 2022 | Economic Crisis Ex...
abp न्यूज
मास्टर स्ट्रोक
श्रीलंका के बाद चीन का
शिकार होगा पाकिस्तान
5:16
Why Sri Lanka is in trouble? | Master Stroke




THE MOST Powerful Quotes, Advices and
Thoughts from Swami Vivekananda that




Ex-Raymond tycoon Vijaypath Singhania stands against son Gautam over propert...
IndiaTV · 14 lakh views · 4 years ago




#Pushkarmela2021 #Pushkarmelarajasthan
पुष्कर मेले में आया 1500 किलो वजन वाला और 24 करोड़ का भीम बुल !Pushkar Mela 2021




WRONG DEAL | FULL FILM | New Hindi Short Film 2021 | Latest Bollywood Hind...




वो Cream जिसने आत्मनिर्भर भारत की शुरूआत की | बोरोलीन का इतिहास | Journey of Boroli...




દાહોદનો ગોળ ગધેડાનો એ આદિવાસી મેળો જેમાં યુવતીને પામવા યુવક 'ગધેડો' બને છે: Gol Gadhed...




ग़जब हो गया छत पर बने गार्डन से तोड़ने को मिली खेत से ज्यादा सब्जियां | Vegetable Harvestin...




मिट्टी के बर्तनों मैं भरपूर केमिकल, शुद्ध ऐसे होते हैं || Technical Farming ||




કેશોદનું આ દંપતી ચલાવે છે દેશી બિયારણની બૅન્ક, એવાં બીજ જે ખેતીમાં લાવી શકે છે ક્રાંતિ




માત્ર 15 ₹ મા લાઈવ અમુલ દહીં ને ચીકુ નાખી ને લસ્સી બનાવે છે | પુરા દિવસમાં હજારો લોકો લસ્સી પીવે છે


રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય

દેશની જેલોમાં મહિલાઓ માટે પરિસ્થિતિ અમાનવીય

## જેલોમાં કેદીઓને ઠાંસીને ભર્યા, ન્યાયમાં વિલંબ મોટી સમસ્યાઃ સંસદીય સમિતિ

## જેલોની ૪.૨૫ લાખની ક્ષમતા સામે ૫.૫૪ લાખ કેદીઓને બંધ રખાયા


ભાસ્કર ખાસ | દિલ્હીની અડધી વસતી માનસિક સ્વાસ્થ્ય બગડવાના જોખમમાં, આત્મહત્યાનો દર પણ વધુ

## એમ પાવરનું 5મું કેન્દ્ર દિલ્હીમાં, આત્મહત્યા અટકાવવા માટે ટૂલકિટ 'હોપ' લોન્ચ, દરેક વય જૂથના લોકોમાં એક નવી આશા જગાડશે

# સાચા શિક્ષણ મુજબ જીવનદર્શન

હાલનાં સમયમાં દરેક વ્યક્તિ પોતાને સારા પ્રમાણમાં હવા, પાણી, ખોરાક, રોજગાર અને રહેઠાણ મળે તે માટેની અપેક્ષા રાખતો હોય છે. પરંતુ ઝડપી અમીર બની જવાની દોડમાં, સાચા સબંધો, મુલ્યો, ફરજો, ભાવનાઓ, નૈતિકતા, ધર્મ અને સ્વસ્થ શરીર જેવી બાબતો ખુબ જ પાછળ રહી જાય છે.

શારીરિક અને માનસિક અનેક બિમારીઓમાં સપડાયા બાદ પોતાના ગામડાઓની અને જંગલ નજીકનાં ગામડાઓનો ખોરાક યાદ આવે છે. શહેરોનાં વ્યવસાયો અને પૈસા તરફની આંધળી દોડને કારણે ગામડાઓની કૃષિ તરફનું મોટા ભાગના શહેરી લોકોનું મનોવલણ વિકૃત બની ગયેલ છે. જેથી સો ટકા ખાતર, દવાથી જ તૈયાર થતા અનાજ, કઠોળ, ફળો અને શાકભાજી ખાવા મજબુર કરી નાખે છે.







દેશ અને દુનિયામાં આજે કુદરતી ખાતરની મદદથી ઓર્ગેનિક પધ્ધતિ વડે, વધારે સમયમાં, ઓછા પ્રમાણમાં, સારીગુણવત્તા વાળા તૈયાર થતા ફળો, કઠોળ, શાકભાજી અને અનાજ ખુબજ ઊંચા ભાવે

વેચાઇ રહ્યાં છે. જે અતિ ગરીબ જંગલ નજીકનાં ગામડાઓમાં રહેતા, આદિજાતીનાં લોકો જાતે તૈયાર કરીને અને અતિ અમીર લોકો, વધુ પૈસાથી બનાવેલ પોતાના ફાર્મહાઉસમાંથી નોકરો વડે તૈયાર કરાવડાવીને, તેનો વપરાશ કરેછે. પરંતુ તેની સામે નાના મોટા શહેરોમાં રહેતા, સૌથી વધુ સંખ્યા ધરાવતા મધ્યમવર્ગ માટે, બહુજ ઓછા સમયમાં, ઓછા ભાવે કઠળ, ફળો, શાકભાજી અને અનાજ તૈયાર કરવા માટે ખેતરોમાં ખુબજ મોટા પ્રમાણમાં યુરીયા, ડીએપી, સલ્ફેટ જેવા કૃત્રિમ ખાતરોનો તથા ખુબજ ઝેરી જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જે દેશની યુવાપેઢીને ધીમા ઝેરની જેમ શારીરિક અને માનસિક સંપૂર્ણ પણે નાશ કરી રહ્યાં છે. દેશ અને દુનિયા જ્યારે કોરોનાની મહામારીનો સામનો કરવા માટે લડી રહ્યાં હતા ત્યારે, અતિ અમીર લોકો, વધુ પૈસાથી સારા દવાખાના, સારી દવા, સેનિટાઇઝ અને વેક્સિન ખરીદી પોતાનો જીવ બચાવવા પ્રયાસો કરેલો.








જ્યારે બીજી બાજુએ અતિગરીબ જંગલ નજીકનાં ગામડાઓમાં રહેતા, આદિજાતીનાં લોકો ઓર્ગેનિક પધ્ધતિથી, મહુડાના ફુલ માંથી સેનિટાઇઝ જાતે તૈયાર કરીને, વાપરતા હતા. પૈસાનાં અભાવે પોતાના

ભાજી–પાલા અને કંદમુળોનો ઉપયોગ પોતાના રોજીંદા ખોરાકમાં કરી, પોતાના શરીરને મજબુત બનાવી, કોરોના જેવી ભયંકર બિમારી સામે ટકી રહેવા તૈયાર કરેલ હતા. આમ અમીર લોકોએ પોતાની અમીરીથી અને ગરીબ લોકોએ પોતાની ગરીબી– સાદગીથી કોરોના મહામારીનો સામનો કરેલો હતો. પરંતુ સૌથી વધારે ખરાબ અને દયનિય હાલત મધ્યમ વર્ગની બનેલી હતી. કારણકે તેમની પાસે પૈસા કે જંગલ કઇ જ ન હતું. સારા ખોરાકથી માણસ નિરોગી અને મજબુત બને છે, આ વાત સૌ કોઇ જાણે છે.









પરંતુ ખોરાકની સાથે સાથે તે કયા પ્રકારના વાસણમાં બનાવવામાં આવે છે, તે પણ ખુબ અગત્યનું છે. જેથી આ બાબતે પણ આગળ જણાવ્યા મુજબ અતિ અમીર લોકો પોતાની અમીરીથી ચાંદીના જેવા મોંઘા વાસણોમાં ખોરાક બનાવે છે, અને અતિ ગરીબ લોકો પોતાની ગરીબીને કારણે માટીનાં વાસણોમાં ખોરાક બનાવે છે. માટીના વાસણ અને ચાંદીના વાસણમાં બનાવેલ ખોરાકની ગુણવત્તા મોટા ભાગે એક

સમાન હોય છે. આમ અહીં સારા વાસણોનાં વપરાશ બાબતે પણ સૌથી વધારે ખરાબ અને દયનિય હાલત મધ્યમ વર્ગની જોવા મળે છે, કેમ કે વધુ પૈસાના અભાવે મધ્યમ વર્ગ ચાંદીના જેવા મોંઘા વાસણ લાવી શકતા નથી અને મધ્યમ વર્ગના હોવાથી આર્થિક અસમાનતાના તથા સામાજીક અસમાનતાના ડરને કારણે માટીના વાસણો વાપરી શકતા નથી. મધ્યમ વર્ગના લોકોમાં આત્મનિર્ભરતાનાં અભાવે, ગામડાનું ગરીબીવાળું જીવન છોડી અમિર બનવાની દોડ શરૂ કરી દીધેલી હોવાથી પોતાના જીવનનો સંપૂર્ણ આધાર સરકાર કે કંપનીઓ ઉપર રહે છે. પાણી, ખોરાક, રોજગાર, રહેઠાણ અને દવાઓ જેવી જરૂરિયાતો માટે પડાપડી, મારામારી જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે.







આ તમામ બાબતો ઉપરથી એટલું સ્પષ્ટ શિખવા મળે છે, કે "**ઓછામાં ઓછી જરૂરિયાત અને ઉચ્ચ વિચારવાળું સાદું જીવન એજ શ્રેષ્ઠજીવન છે**". સાચું જીવન જીવવા માટે, આવનારી આપણી પેઢીને **પ્રકૃતિ તરફ પાછા વાળવા પડશે.** આપણા જ પર્યાવરણનો એક ભાગ એવા જલ, જંગલ અને જંગલની વસાહતોને સાચવવી પડશે.

ઝડપી વિકાસ માટેની દોડમાં, અન્ય દેશોનું આંધળું અનુકરણ, અતિ ઉધોગોના વિકાસ કે નિર્માણ માટે પર્યાવરણનો નાશ એ આપણા પ્રદેશ, દેશ અને દુનિયાને ઝેરી ગેસચેમ્બરમાં ફેરવવા માટેના કાર્યો છે. ભારતમાં હવા, પાણી અને ખોરાકનાં પ્રદુષણને કારણે દર વર્ષે લાખો લોકો બિમારીનો ભોગ બની મૃત્યુપામે છે. આવા દેશના અનેક પ્રશ્નોના નિવારણ માટે, બાળકોને “**વડબીજ**” જેવા સાચા શિક્ષણની ખુબજ જરૂરિયાત છે. રાષ્ટ્રહિતના કાર્યો કરવા તથા કરાવવા એ દેશના તમામ બાળકોથી લઇ દેશના પ્રથમ નાગરીકની ફરજ છે, જે બાબતને સૌએ જાણી, સમજી ફરજીયાત પણે અમલમાં મુકવી અને મુકાવવી જોઇએ. રાષ્ટ્રહિતના કાર્યો કરવા માટે સીધી કે આડકતરી રીતે પોતાનો સહયોગ કરીને, **“પૃથ્વીપરનુંસ્વર્ગ એટલે ભારત”** **I LOVE MY INDIA** આપણી આવનારી પેઢીને વારસામાં આપીએ તો આપણા મૃત્યું પછી સ્વર્ગ શોધવાની જરૂર પડશે નહી. **જીવનમાં ઝડપથી મળેલ માન, સન્માન, સંબંધ, વ્યક્તિ, વસ્તુ કે ઓળખ, ઝડપથી જતી પણ રહે છે.** જેથી **પુરૂષે ધન અને સંઘર્ષશક્તિ તથા સ્ત્રિએ સુંદરતા અને સહનશક્તિ કેળવતા શિખી લેવું જોઇએ.** તમામ સમાજોમાં રહેલી, તમામ સામાજીક બિમારીઓનું મુખ્ય કારણ **અસંતોષી અને અપમાનીત “મહાભારતનાં દુર્યોધન” જેવા પુરૂષો** છે. આવા પરુષોને સમાજમાં ઉત્પન્ન થતા અટકાવવા માટે “**સ્ત્રીબીજ**” નો અભ્યાસ ખુબ જ જરૂરી બને છે.જીવનમાં







તમામ બાબતો સાચા શિક્ષણ સાથે જોડાયેલી હોવાથી, ગામમાં સારી સરકારી શાળાએ, ગામના જાગૃત, સંગઠીત અને સાચા શિક્ષણની સમજવાળા સમાજની નિશાની બતાવે છે. જે ગામનાં લોકો



મન્ડે પોઝિટિવ 70 વર્ષ પહેલા એક હોલમાં ધો.1થી 5ના બાળકો બેસતા હતા, હવે સ્થિતિ બદલાશે

ગામના હોલમાં ભણીને ડૉક્ટર બન્યા, હવે વતનમાં 3 કરોડ રૂપિયા ખર્ચી પ્રાથમિક શાળાનું મકાન બંધાવ્યું

હર્ષ પટેલ | મહેસાણા

વિજાપુર તાલુકાના મહાદેવપુરા (ગવાડા)ના વતની અને અમદાવાદના જાણીતા યુરોલોજિસ્ટ ડૉ. રાજુભાઈ પટેલ 70 વર્ષ પહેલાં ગામમાં પ્રાથમિક શાળાનું મકાન ન હોવાથી એક હોલમાં બેસીને ભણ્યા હતા. તે સમયે પડેલી મુશ્કેલી તેઓ આજે પણ ભૂલ્યા નથી. ભણવામાં તેમના જેવી મુશ્કેલી આજનાં બાળકોને ન પડે તે માટે તેમણે ગામમાં માતુશ્રી કંકુબા ચતુરભાઈ માવાવાળાના સ્મરણાર્થે રૂ. 3 કરોડના ખર્ચે પ્રાથમિક શાળાનું અદ્યતન મકાન બનાવી આપ્યું છે. ડૉ. રાજુભાઈ કહે છે, એ સમયે આટલી બધી સુવિધા નહોતી. અમે ધોરણ 1થી 5નાં બાળકો એકસાથે એક જ હોલમાં ભણતાં. ...અનુસંધાન પાના નં. 4

અમદાવાદમાં જે હોસ્ટેલમાં રહીને ભણ્યા, ત્યાં મોટી હોસ્ટેલ બનાવવા રૂ. 9 કરોડનું દાન આપ્યું

ડૉ. રાજુભાઈ પટેલે ધોરણ 8થી એમબીબીએસ સુધીનો અભ્યાસ અમદાવાદમાં કર્યો છે. વર્ષ 1963-64માં કડવા પાટીદાર સમાજની હોસ્ટેલ કે. પી. ભવનના વિદ્યાર્થી હતા. તેમને વર્ષો પહેલાં ભણવા માટે મળેલી આવી સગવડ સમાજના અન્ય બાળકોને પણ મળે તે માટે તેમણે અમદાવાદ ગુલબાઈ ટેકરા પાસે આવેલા અમીન કે.પી. વિદ્યાર્થી ભવનમાં 9 કરોડ રૂપિયાના ખર્ચે ડૉ. રાજુભાઈ માવાવાળા વિદ્યાર્થી સંકુલ બનાવી આપ્યું છે. તેઓ કહે છે, ભૂતકાળમાં અમદાવાદ અભ્યાસ માટે આવતાં વિદ્યાર્થીઓ તેમના સગાવ્હાલાના ઘરે રહીને ભણતાં. આજે લોકોના વિચાર બદલાયાં છે, મનના ભાવ ટૂંકા થઈ રહ્યા છે ત્યારે સમાજનું કોઈપણ બાળક રહેવાની સુવિધાના અભાવે શિક્ષણથી વંચિત ના રહે તે માટે આ હોસ્ટેલ બનાવી છે. જેમાં 1200 દીકરા-દીકરીઓ રહી શકે તેવી વ્યવસ્થા છે. અહીં રહીને કોઈ ડોક્ટર, એન્જિનિયર કે અન્ય ફિલ્ડમાં આગળ વધશે તો અમારો પ્રયાસ સાર્થક થશે.

2 માળની પ્રાથમિક શાળામાં આ બધી સુવિધાઓ છે

7,000 વાર જગ્યામાં, બે માળના સંપૂર્ણ હવાઉજાસવાળા પ્રાથમિક શાળાના બિલ્ડિંગમાં ધો. 1થી 8ના વર્ગખંડો ઉપરાંત વિશાળ પ્રાર્થના ખંડ, કમ્પ્યુટર લેબ, વિજ્ઞાન લેબોરેટરી, લાઈબ્રેરી, મધ્યાહ્ન ભોજન રૂમ, બાળકો ઠંડું પાણી, ગાર્ડન તેમજ વરસાદી પાણીના સંગ્રહ માટે એક લાખ લિટરનો ભૂગર્ભ સમ્પ સહિતની સુવિધા છે.



ગોલ્ડન ગ્લોબ
AHMEDABAD
SUNDAY, 28•12•2025

વર્ષની ૧.૫૦ લાખ પાઉન્ડની ફી ધરાવતી વિશ્વની સૌથી મોંઘી શાળાની અંદર ડોકિયું

વિગ પહેરવાની જિદને કારણે અક્ષય ખન્નાએ દ્રષ્યમ-૩ છોડી?
'દ્રષ્યમ-૩માં જયદીપ અહલાવતની એન્ટ્રી

સલમાને ૬૦મા જન્મદિવસની ઉજવણી કરી

ધુરંધર ફિલ્મને પ્રોપેગેન્ડા ફિલ્મ કહેનારાઓના અનુપમ ખેરે ક્લાસ લીધા

પોતાના પૈસા, પાવર, પ્લાન અને પોલિટિક્સનો ઉપયોગ પોતાના ગામ અને સમાજનાં સાચા શિક્ષણ માટે કરતા હોય, તેવા ગામ કે સમાજને આવનારા સમયમાં લોકો "__વિરવિરાંગનાના સ્ત્રીબીજવાળા સમાજ__" તરીકે વર્ષો વરસ સુધી ઓળખાશે. જ્યારે લોકો પોતાના પૈસા, પાવર, પ્લાન અને પોલિટિક્સનો ઉપયોગ પોતાના ગામ અને સમાજનાં સાચા શિક્ષણને બદલે અન્ય જગ્યાએ કરતા હશે તો, આવા સમાજને "__વિકૃત વૈશ્યાના સ્ત્રીબીજવાળા સમાજ__" તરીકે વર્ષો વરસ સુધી ઓળખાશે. આજે તમામ ગામો અને સમાજોએ પોતે વિચારવું જોઇએ કે, તે પોતાને અને પોતાના સમાજને કઇ ઓળખ આપવા માગે છે, __વિકૃત વૈશ્યાના વંશજોનો__ કે __વિર વિરાંગનાના વંશજોનો__. સમાજમાં સારા વ્યક્તિ તરીકેનું માન ધરાવતી તથા પોતાને થોડો સફળ માનનારી વ્યક્તિઓનાં ગામમાં __સમાજ, સંસ્થા,__

**સંગઠનોનો કે સરકારનો ઉપયોગ કરી**, ગામની **સરકારી શાળાને સારી સુવિધાવાળી શાળા** ન બનાવી શકતા હોય તો, માનવાનું કે તે ગામમાં જન્મેલા તમામ સ્ત્રિ – પુરુષો નમાલા હોઇ શકે. લોકો વડે મળેલ માન અપમાનને પચાવીને, યોગ્ય સમયે પોતાની સંપત્તિ, સમય અને શક્તિનો ઉપયોગ કરી, **પોતાની સાથે દેશનુ પણ માન વધે, તેવા દેશ ઉપયોગી કાંડ કરે** તે જ શ્રેષ્ઠ પુરુષ.

ભારત એક કૃષિ પ્રધાન તથા ગામડાઓનો બનેલો વિકાસશીલ દેશ છે, જેથી સાચા શિક્ષણવાળી જનતા તથા નેતાઓનો મુખ્ય ઉદ્દેશ પોતાની ઓછામાં ઓછી જરૂરીયાત થકી, રાષ્ટ્રને વધું મજબુત બનાવવનું હોવો જોઇએ. પરંતુ હાલના શિક્ષણની અસર ખુબજ વિપરીત જોવા મળી રહી છે. જનતા તથા નેતા અન્યનું આંધળુ અનુકરણ કરવામાં અને કમ્ફર્ટ ઝોનમાં રહેવા તથા રાખવા ટેવાઇ ગયેલ છે. જેથી માનવશ્રમને બદલે મશીનરીનો અતિશય ઉપયોગ દેશમાં વધી ગયેલ છે. બિજી તરફ **દુનિયાની પ્રથમ નંબરની અને સૌથી મોંઘી "રોલ્સરોય"કારનું નિર્માણ અન્ય કાર કંપનીઓની જેમ રોબોટના બદલે હાથથી કરવામાંઆવે છે.** ભગવાન કૃષ્ણના દેશમાં તેમણે **"ગીતા"** વડે શિખવેલ સૌથી મોટા **કર્મયોગને** માત્ર પુસ્તકમાં જ રાખી, હાલના મોટા ભાગના સ્ત્રિ અને પુરૂષ **આળસ તથા ઐયાસી**ને જ પોતાના જીવનનો ઉદ્દ્શમાની લીધો છે. જેનું પરિણામ આજે સ્ત્રિ અને પુરૂષના સાચા સુખ અને સંપતી તથા દેશની વિશ્વમાં દશા ઉપરથી સ્પસ્ટ જણાઇ આવે છે. દેશની મોટા ભાગની જનતા દુખ, રોગ, ભુખ, અધર્મના કાર્યોનો ભોગ બની રહી છે.

દરેક સમાજમાં સતત પોતાના અને પોતાના દેશને ઉપયોગી કામ કરતા **બાળકો પાગલ લાગે છે, કરે છે, દેખાય છે અને તે હોય જ છે.** **આવા તમામ સમાજના તમામ બાળકો ખરેખર સાચા શિક્ષણ મુજબ એક્સટ્રા ટેલેન્ટેડ** હોય છે, જેમનો સદઉપયોગ કરીને તેમની પાસેથી સો માણસોનું કામ કરાવી શકાય છે. માટે આવા બાળકોનો સહારો ન બનો તો કઇ નહીં, પણ તેમનો અવરોધ ન બનશો. દરેક બાળકનાં મા–બાપે આવા બાળકોની જાળવણી અને નિર્માણ માટે એક માસમાં એક પુસ્તક વાંચવાનો

અને વર્ષમાં એક પુસ્તક “**મારા અનુભવો**” લખવા પ્રયાસ કરવો. સારા પુસ્તક વાંચવાનો અને લખવાનો પોતાનો અનુંભવ અન્ય લોકોને આપવા પ્રયાસ કરવો. જેથી આવનારી પેઢી ગર્ભશિક્ષિત કે **એક્સટ્રા ટેલેન્ટેડ** આવશે.









શારીરિક અને માનસિક સારા સ્વાસ્થ્ય માટે તરવું ખુબ મહત્વનું ગણાય છે, ત્યાર બાદ દોડવુ, ચાલવુ અને અંતમા સાયકલિંગને સારુ ગણવામાં આવે છે. વિશ્વના સુખી દેશોના જાગૃત અને સાચા શિક્ષણ વડે તૈયાર થયેલ નેતા અને જનતા સાયકલનો ઉપયોગ કરી, પોતાનું સ્વાસ્થય, પૈસા, પેટ્રોલ અને પર્યાવરણનો બચાવ કરે છે. આઝાદીના સમયમાં ભારતમાં "**પરિશ્રમ એજ પારસમણી**" માનવામાં આવતી હતી.પરંતુ સમય બદલાતા પશ્રિમને બદલે સરકાર કે પારકા લોકોની આશાવાળી જીંદગી બની ગઇ છે. લોકો આજે માત્ર પુસ્તકીયું જ્ઞાન મેળવીને સંઘર્ષ અને શારીરિક પરિશ્રમને ગરીબ મજદુરોનું કામ ગણવા લાગ્યા. આજે આપણા દેશમાં શ્રમને કેટલાક ખાસ લોકો, એક શ્રાપ તરીકે ગણે છે. પોતાના ઘરમાં ઘરકામ કે ખેતરમાં ખેતી કામને બદલે જીમમાં પરસેવો પાડવાનો નવો ટ્રેડ શરૂ થયેલ છે. ભારત

સિવાયનાં અન્ય કેટલાયે દેશોમાં "**પરિશ્રમ અને પરીવર્તન એજ પ્રભુ શ્રીરામ અને કૃષ્ણ**" એમ શિક્ષકો, વાલીઓ અને નેતાઓ વડે શિખવવામાં આવે છે. ભગવાન શ્રીરામ, કૃષ્ણ, પયગંબર, ઇસું, મહાવીર, બુધ્ધ જેવા દૈવ પુરૂષો  પણ પગપાળા ચાલીને પોતાની જીવન યાત્રાને પર્ણ કરી છે. જેથી આજે આપણે હજારો વર્ષો પછી પણ તેમને યાદ કરીએ છીએ.








જીવનમાં **સંપતી અને સંઘર્ષ વગરનો પુરૂષ** તથા **સુંદરતા અને સહનશિલતા વગરની સ્ત્રી** સાચું સુખ ક્યારેય મેળવી શકતા નથી. સાચું સુખ પ્રાપ્ત કરનાર વ્યક્તિ જ દુનિયાને સાચી પ્રેરણા આપી શકે છે. **સાચી પ્રેરણા આપનારને જ દુનિયાને હજારો વર્ષો સુધી** ગાં**ધી, સરદાર, પંડીત, આંબેડકર, ભગતસિંહ, બોઝ, બિરસામુંડા જેવા કરોડો દેશભક્તોની જેમ** તથા **પ્રભુ શ્રીરામ, કૃષ્ણ, પયગંબર, ઇસું, બુધ્ધ, મહાવિર જેવા પોતાના જીવન વડે દુનિયાને સાચું શિક્ષણ આપનાર દેવોને** જ યાદ રાખશે.

આમ આવનારા દિવસોમાં આ વડબીજ પ્રોજેક્ટની મદદથી માત્ર બાળકો જ નહી, પરંતુ ભારતમાં વસનારા **સર્વોનું જીવન પોતાના આરાધ્ય દેવ જેવું** બને અને ભારત '**દેવભુમિભારત"** બને તે માટે સૌએ સાથે મળી સતત અને સખત પ્રયાસ કરવા, કરાવવાની શુભ આશા છે.

# યાદગાર ફોટો ગેલરી














શ્રી ઉખલાડુંગરી પ્રાથમિક શાળા
તા. વિજયનગર, જિ. સાબરકાંઠા
વાસ અને શાકભાજી વડે કૌશિક એસ.પી. અને તેમનાં સહયોગી સ્ટાફે
તૈયાર કરેલ મલ્ટીપર્પઝ પ્લેસને જોવા માટે આપનું હાર્દિક સ્વાગત છે.





વડબીજ